# બીસીસીઆઈના વચગાળાના વડા તરીકે દાલમિયાં

ચેન્નઈ,તા. ૨

આઈપીએલમાં સ્પોટ ફિક્સિંગના મામલે જમાઈ ગુરુનાથ મયપ્પનની ધરપકડ કરવામાં આવ્યા બાદ ટિકાટિપ્પણીનો સામનો કરી રહેલા ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના વડા એન શ્રીનિવાસનને આખરે પીછેહઠ કરવાની ફરજ પડી હતી. બોર્ડમાં તેમના રાજીનામાને લઈને ચાલી રહેલી ખેંચતાણનો આજે અંત આવ્યો હતો. શ્રીનિવાસન હજુ સુધી રાજીનામું આપવા માટે માન્યા નથી પરંતુ તેઓ જ્યાં સુધી તપાસ થશે ત્યાં સુધી હોદ્દાપરથી દૂર રહેવા સહમત થયા છે. આવી વ્યવસ્થામાં ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના વચગાળાના પ્રમુખ તરીકે દાલમીયાની નિમણુંક કરવામાં આવી છે. શ્રીનિવાસન આઈપીએલ સ્પોટ ફિક્સિંગ કૌભાંડમાં તપાસ પૂરી ન થાય ત્યાં સુધી હોદ્દાથી દૂર રહેશે. આજે યોજાયેલી બેઠકમાં તમામ પાસાઓ ઉપર ચર્ચાવિચારણા કરવામાં આવી હતી. આજે ચેન્નઈમાં ભારે સસ્પેન્સની સ્થિતિ વચ્ચે તાકીદની



કારોબારી સમિતિની બેઠક બોલાવવામાં આવી હતી. બીસીસીઆઈના ઉપપ્રમુખ અરુણ જેટલી દ્વારા દાલમીયાનું નામ સુચવવામાં આવ્યું હતું. આ બેઠક બાદ બીસીસીઆઈ દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે, શ્રીનિવાસને એવી જાહેરાત કરી છે કે, તેઓ બોર્ડના પ્રમુખ તરીકે તેમની ફરજ તપાસ પૂરી ન થાય ત્યાં સુધી અદા કરશે નહીં. ત્યાં સુધી જગમોહન દાલમીયા બોર્ડની દરેક બાબતોની જવાબદારી સંભાળશે. કમિટિએ સંજય જગદલે અને અજય શિરકેમાં સંપૂર્ણ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો અને બોર્ડના વ્યાપક હિતમાં તેમના રાજીનામા પાછા ખેંચી લેવા વિનંતી કરી હતી. યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, જો તપાસમાં શ્રીનિવાસનને ક્લીનચીટ મળશે તો તેઓ બીસીસીઆઈ પ્રમુખ તરીકે ફરી જવાબદારી અદા કરશે.

બન્ને પક્ષો તરફથી જોરદાર બાર્ગેનીંગની પ્રક્રિયા યોજાયા બાદ એક સમાધાન ફોર્મ્યુલા તૈયાર કરવામાં આવી હતી. બીસીસીઆઈના ખજાનચી સચિવ અજય સિરકે અને સેક્રેટરી સંજય જગદલેએ ગઈકાલે રાજીનામું આપ્યું હતું. આ બન્નેએ સમાધાન ફોર્મ્યુલા સ્વીકારવાનો ઈન્કાર કર્યો હતો. અહેવાલ મુજબ ત્રણ કલાક સુધી બેઠક ચાલી હતી. જેમાં જગમોહન દાલમીયાં દ્વારા સમાધાના ફોર્મ્યુલા તૈયાર કરી લેવામાં આવી હતી.

## બેઠક પૂર્વે કારોબારી સભ્યો સાથે શ્રીનિવાસનની મીટિંગ

ચેન્નઈ,તા. ૨

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના પ્રમુખ એન શ્રીનિવાસનના ભાવિનો ફેંસલો કરવા તાકીદની કારોબારી કમિટીની બેઠક યોજાઈ તે પહેલા વિવાદના ઘેરામાં આવેલા શ્રીનિવાસન કારોબારી સમિતીના સભ્યો સાથે જુદી રીતે બેઠક યોજી હતી. આ બેઠકમાં છેલ્લી ઘડીના વિવાદને ઉકેલવાના પ્રયાસ કરાયા હતા. તેમની પોતાની અવધિના મુદ્દે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. જોકે બીસીસીઆઈના સંયુક્ત સચિવ અનુરાગ ઠાકુરે કહ્યું હતું કે, શ્રીનિવાસન કારોબારીના સભ્યો સાથે જુદી રીતે બેઠક યોજે તેમાં કંઈપણ ખોટુ નથી. આ તટસ્થ પ્રક્રિયાના ભાગરૂપે છે. બોર્ડના પ્રમુખ રાજ્ય યુનિટોના વડાઓ સાથે મળવાનો અધિકાર ધરાવે છે. કારોબારીના સભ્યોને પણ મળવાનો અધિકાર પણ ધરાવે છે. બેઠક માટે આવી પહોંચ્યા બાદ ઠાકુરે કહ્યું હતું કે, શ્રીનિવાસનના રાજીનામાની માંગ છેલ્લા ઘણાં દિવસથી ચાલી રહી હતી. તેમના ઉપર ભારે દબાણ હતું.

હોદ્દાપરથી શ્રીનિવાસને રાજીનામું આપી દેવું જોઈએ. તે બાબતને લઈને તેઓ મક્કમ છે કે કેમ, તે અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે, ક્રિકેટ બોર્ડના હિતમાં અને ક્રિકેટના હીતમાં નિર્ણય લેવામાં આવે તે જરૂરી છે. આઈપીએલ સ્પોટ ફિક્સિંગ મામલામાં પારદર્શક અને નિષ્પક્ષ તપાસ માટે શ્રીનિવાસન રાજીનામું આપે તેમ તમામ લોકો ઈચ્છે છે. જો શ્રીનિવાસન પ્રમુખ તરીકે રહેશે તો નિષ્પક્ષ તપાસ થઈ શકશે નહીં. બીસીસીઆઈના ત્રણ હોદ્દેદારો પૈકીના એક ઠાકુરે કહ્યું હતું કે, કોઈપણ સંસ્થા કરતા કોઈપણ વ્યક્તિગત વધારે મહત્વપૂર્ણ નથી. એક ભૂતપુર્વ ક્રિકેટર તરીકે તેઓએ અપીલ કરી હતી કે, દરેક વ્યક્તિએ ક્રિકેટના હિતમાં વધુ સારી રીતે તેમની જવાબદારી અદા કરવી જોઈએ. શ્રીનિવાસનની હકાલપટ્ટી કરવાની માંગ ગઈકાલે વધુ તીવ્ર બની હતી. બોર્ડના ખજાનચી અજય સિરકેએ અને સેક્રેટરી સંજય જગદલેએ રાજીનામા આપ્યા હતા. ઉપરાંત આઈપીએલના ચેરમેન રાજીવ શુક્લાએ રાજીનામું આપ્યું હતું.

## ઓક્ટોબરથી ટીવી ઉપર ખૂબ ઓછી એડ થઈ જશે

નવી દિલ્હી,તા. ૨

ટેલીવીઝન ઉપર કાર્યક્રમો નિહાળતી વેળા વારંવાર જાહેરાતોના કારણે પરેશાન થતાં ટીવી ચાહકો માટે સારા સમાચાર છે. કારણકે, ઓક્ટોબર મહિનાથી ટીવી ચાહકોને લાંબી જાહેરાત બ્રેકથી રાહત મળી જશે. ટેલીવીઝન ચેનલ ઉપર ઓછી જાહેરાતો રહેશે. બ્રોડકાસ્ટીંગ રેગ્યુલેટર ટ્રાઈએ સ્પષ્ટતા કરી છે કે, જાહેરાતો અને પ્રમોશનલ ક્લીપ દર્શાવવા માટે પ્રતિ કલાક ૧૨ મિનીટની મર્યાદા રહેશે. એમપણ જણાવવામાં આવ્યું છે કે, નિયમ અમલી બની ગયા બાદ ટીવી નિહાળનાર લોકોને સતત સારા પ્રોગ્રામ એક ધાર્યા જોવા મળી શકશે. ટેલીવીઝન ચેનલ ઉપર વારંવાર જાહેરાતો જોવા મળશે નહીં. સામાન્ય ટીવી નિહાળનાર લોકો, બ્રોડકાસ્ટર, મીડિયા આયોજકો અને એડવર્ટાઈઝરને પણ આનાથી રાહત થઈ શકે છે. નવા નિયમની સામે વિરોધ સર્જાય તેમ પણ માનવામાં આવે છે. શરૂઆતમાં આ શરતને સ્વીકારવા વાંધો ઉઠાવ્યા બાદ હવે બ્રોડકાસ્ટરે પણ આ વાત સાથે સહમતી દર્શાવી છે કે, ૧૨ મિનીટની મર્યાદા તબક્કાવાર રીતે લાગુ કરવામાં આવશે. છેલ્લા આઠ વર્ષથી એડવર્ટાઈઝીંગ કોડ ઓફ કેબલ ટેલીવીઝન એક્ટ અમલમાં છે છતાં ધારા ધોરણો તરત રીતે અમલી બનાવાયા નથી. ટ્રાય માને છે કે, આ હિલચાલ ચાહકોને રાહત આપશે.

## વૈષ્ણોદેવી બેઝકેમ્પ સુધી ઘણી ટ્રેનો ટૂંક સમયમાં જવા લાગશે

નવી દિલ્હી,તા. ૨

વૈષ્ણોદેવીની યાત્રા કરવા ઈચ્છતા શ્રદ્ધાળુઓ માટે ખૂબ સારા સમાચાર છે. મળેલી માહિતી મુજબ કેટલીક મેઈલ, એક્સપ્રેસ અને લોકલ ટ્રેન કતરા સુધી જાય તેવી શક્યતા દેખાઈ રહી છે. જુલાઈથી વૈષ્ણોદેવીના બેઝ કેમ્પ ગણાતા કતરા સુધી ટ્રેન શ્રદ્ધાળુઓને લઈ જશે જેથી શ્રદ્ધાળુઓ માટે ખૂબ સારા સમાચાર છે. મોટી વયના શ્રદ્ધાળુઓને રાહત મળશે. મળેલી માહિતી મુજબ ૨૫ કિલોમીટર લાંબા ઉધમપુર-કતરા રેલવે લાઈન ઉપર કામકાજ લગભગ પૂરું થવા આવ્યું છે. રેલવે કતરા સુધી ટ્રેન દોડાવવા મંજૂરી માટે આને કમીશનર રેલવે સેફટીને સોંપવામાં આવશે. રેલવે બોર્ડના ચેરમેન વિનય મિત્તલ અને ઉત્તરીય રેલવેના જનરલ મેનેજર વી કે ગુપ્તા ઓપરેશનલ અમલી બનાવતા પહેલા પહાડી રૂટના ઝીણવટભર્યા નિરીક્ષણની પ્રક્રિયા હાથ ધરશે. હાઈ લેવલ રેલવેથી બનિહાલ-કાઝીગુંદની પણ મુલાકાત લેશે. અહીં પણ આ મહિનામાં ટ્રેન સેવા શરૂ થઈ શકે છે. સીઆરએસ તરફથી સુરક્ષાની મંજૂરી નવી લાઈન ઓપરેશનલ બનાવતા પહેલા જરૂરી છે. ૩.૧ કિલોમીટર લાંબી ટી-૧ ટનેલ ઉપર વિશેષ પ્રકારના ટ્રેક સિવાય આ રૂટ ઉપર સૌથી વધારે મુશ્કેલ ટનેલ છે. કતરા રૂટ ઉપર અન્ય તમામ કામ પૂરું કરી લેવામાં આવ્યું છે. કાશ્મીર રેલવે લીંક પ્રોજેક્ટ સાથે જોડાયેલા નોર્થન રેલવેના અધિકારીએ આ મુજબની માહિતી આપી છે. જે ટ્રેનોને આ લાઈન ઓપરેશનલ થઈ ગયા બાદ કતરા સુધી મંજૂરી અપાશે તેમાં અમદાવાદ-ઉધમપુર એક્સપ્રેસનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ઉધમપુર અને કતરા વચ્ચેની ઘણી લોકલ ટ્રેનો પણ માંગના આધાર ઉપર લોકોને લઈ જશે. જો કે અધિકારીઓનું કહેવુંછે કે કતરા સુધી કેટલી ટ્રેનો જશે તે અંગેનો નિર્ણય કરવામાં આવ્યો નથી. એક વખત રૂટ લાઈન ઓપરેશનલ થઈ ગયા બાદ ઉધમપુર આવતી દરેક ટ્રેનને કતરા સુધી લંબાવી શકાશે. કતરા સ્ટેશન ત્રણ પ્લેટફોર્મ સાથે તૈયાર છે. બે વધુ પ્લેટફોર્મ બનાવવામાં આવનાર છે. નવા રૂટના નિર્માણ સાથે શ્રદ્ધાળુઓ જમ્મુમાં તેમના પ્રવાસને રોક્યા વગર કતરા ખાતે માતા વૈષ્ણોદેવીના બેઝકેમ્પ ઉપર સીધી રીતે પહોંચી શકશે.

## હુમલા સ્થળથી જ પરિવર્તન યાત્રા પુનઃ શરૂ કરવા નિર્ણય

રાયપુર,તા. ૨

૨૫મી મેના દિવસે આદિવાસી બસ્તર જીલ્લામાં દરભા નજીક કોંગ્રેસના કાફલા ઉપર માઓવાદીઓએ છુપો હુમલો કરીને ૩૦ લોકોને મોતને ઘાટ ઉતારી દીધા બાદ કોંગ્રેસે ફરીવાર બસ્તરમાં હુમલાના સ્થળથી જ પરિવર્તન યાત્રાને આગળ વધારવાની તૈયારી કરી લીધી છે. છત્તીસગઢમાં વિપક્ષી કોંગ્રેસે એજ સ્થળેથી પરિવર્તન યાત્રા ફરી શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. જે જગ્યા ઉપર કોંગ્રેસના ટોચના નેતાઓને હત્યાકાંડ સર્જીને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા, ત્યાંથી જ આ પરિવર્તન રેલી શરૂ થશે. એઆઈસીસીના ખજાનચી અને જનરલ સેક્રેટરી બી કે હરિપ્રસાદે આજે કહ્યું હતું કે, ઉચ્ચસ્તરીય મીટિંગ બાદ આ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો છે. માઓવાદીઓએ કોંગ્રેસના કાફલા ઉપર ૨૫મી મેના દિવસે ભીષણ હુમલો કર્યો હતો. જેમાં ૩૦ લોકોના મોત થઈ ચુક્યા છે.

આ હુમલામાં રાજ્ય કોંગ્રેસના પ્રમુખ નંદકુમાર પટેલ, તેમના પુત્ર, વરિષ્ઠ આદિવાસી નેતા મહેન્દ્ર પરમાર, ભૂતપુર્વ ધારાસભ્ય ઉદય મુદલીયાર, અન્ય કોંગ્રેસ નેતાઓ સહિત ૩૦ લોકો માર્યા ગયા હતા. આ ઉપરાંત હુમલામાં વરિષ્ઠ કોંગ્રેસી નેતા વી સી શુક્લા ગંભીર રીતે ઘાયલ થયા હતા. જે હાલમાં ગુડગાંવમાં એક હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. પ્રશ્નોના જવાબમાં વરિષ્ઠ કોંગ્રેસી નેતાએ કહ્યું છે કે, પક્ષ હાઈકમાન્ડ માઓવાદી છુપા હુમલામાં પીસીસીના વડાના મોત બાદ નવા પીસીસી વડાની ચુંટણી અંગે નિર્ણય કરશે. કોંગ્રેસ હુમલામાં માર્યા ગયેલા કોંગ્રેસી નેતાઓને શ્રદ્ધાંજલિ આપવા ૬ઠી જુનના દિવસે તમામ જીલ્લા હેડક્વાર્ટર ઉપર ખાસ મીટિંગનું આયોજન કરશે.

## એસી કોચમાં ફુડ આઈટમ્સની કિંમતમાં ટુંકમાં વધારો

નવી દિલ્હી,તા. ૨

ટ્રેનના એસી કોચમાં મુસાફરી કરતા લોકોને હવે ખાવા પીવાની ચીજવસ્તુઓ માટે વધારે નાણાં આપવા પડશે. કારણ કે રેલવે બોર્ડની પેનલે યાત્રીઓને પીરસવામાં આવતી ખાદ્યચીજવસ્તુઓની કિંમતમાં વધારો કરવાની દરખાસ્ત તૈયાર કરી લીધી છે. આ દરખાસ્ત મુજબ વસ્તુઓના રેટમાં એકંદરે વધારો એસી-૨, ત્રણ અને ચેર કાર કેટેગરીમાં મુસાફરી કરી રહેલા પ્રવાસીઓ માટે વધારે રહેશે. પરંતુ એસી-૧ માટે લઘુત્તમ રહેશે. સમગ્ર મામલે નજરે રાખી રહેલા સુત્રોએ કહ્યું છે કે આ સમિતીની ચાવીરૂપ ભલામણ પૈકીની કેટલીક રેલવે પ્રધાન સીપી જોષી સમક્ષ રજૂ કરવામાં આવી ચુકી છે. હવે રેલવે મંત્રાલય આ ભલામણ પર અંતિમ નિર્ણય કરે તેવી શક્યતા છે. આ પેનલની રચના જોષીના પુર્વોગામી પવન કુમાર બંસલે રેલવે મંત્રાલયનો હવાળો સંભાવ્યો ત્યારે કરવામાં આવી હતી. પેનલે દાવો કર્યો છે કે ટ્રેનમાં મુસાફરી કરતા લોકો સર્વિસની ગુણવત્તામાં સુધારો કરવામાં આવે તો થોડાક વધુ રૂપિયા આપવા માટે તૈયાર છે. મળેલી માહિતી મુજબ ખાવાની ચીજવસ્તુઓની કિંમત વધારવા પાછળ બે હેતુ રહેલા છે. એક હેતુ કેટેરિંગ સર્વિસમાં રેલવેને થઈ રહેલા ભારે નુકસાનને ઘટાડવાનો છે.

અન્ય હેતુ સર્વિસની ગુણવત્તાને સુધારવા માટેનો છે. વર્ષ ૨૦૧૧-૧૨માં કેટેરિંગ સર્વિસ પર રેલવેને નુકસાનનો આંકડો ૬૭.૦૪ કરોડનો હતો. દરખાસ્ત મુજબ સવારની ચાના એક કપ માટે કિંમત વધી જસે. એસી-૧ અને એક્સીક્યુટીવ ક્લાસ માટે ૧૫ રૂપિયા રહેશે જ્યારે અન્ય તમામ માટે ૧૦ રૂપિયા રહેશે.

પેનલે એવી ભલામણ કરી છે કે એસી-૨,૩ અને ચેર કારમાં મુસાફરી કરી રહેલા યાત્રીઓ માટે લંચ અને ડિનરની કિંમત હાલમાં ૮૮ રૂપિયાથી વધારીને ૧૨૫ રૂપિયા કરી દેવામાં આવી છે. પરંતુ યાત્રીઓની અન્ય બે પ્રિમિયમ કેટેગરીના કેસમાં લંચ અને ડિનર માટે માત્ર ૧૩ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. એકંદરે વધુ આઠ રૂપિયા ચુકવવાની જરૂર પડશે. પ્રિમિયમ ક્લાસ યાત્રીઓ માટે માત્ર આઠનો વધારો રહેશે. જ્યારે એસી-૨, ૩ અને ચેર કેરમાં વદારો વધુ ૬૪ રૂપિયાનો રહેશે. પેનલે વેરાયટી વધારવા માટે મેનુમાં કેટલીક વધારાની ચીજ વસ્તુઓ ઉમેરવાની યોજના ધરાવે છે.

## હવે યુદ્ધ વિમાનો માટે ગ્લાઈડ બોંબ બનાવવામાં ભારત વ્યસ્ત

નવી દિલ્હી,તા. ૨

આગામી વર્ષના અંત સુધી ભારતીય યુદ્ધ વિમાનોને સ્વદેશમાં નિર્મિત ગ્લાઈડ બોંબથી સજ્જ કરવામાં આવી શકે છે. યુદ્ધ વિમાનો માટે ગ્લાઈડ બોંબ બનાવવામાં આવી રહ્યા છે. આ બોંબની સાથે સમગ્ર કુશળતા સાથે લક્ષ્ય ઉપર ટાર્ગેટ કરી શકાશે. દેશના આ પ્રકારના પ્રથમ ગ્લાઈડ બોંબનું નિર્માણ સંરક્ષણ સંશોધન અને વિકાસ સંસ્થા (ડીઆરડીઓ) દ્વારા કરવામાં આવી રહ્યું છે. જે ભારતની હુમલાઓની ક્ષમતામાં અનેક ઘણો વધારો કરશે. આનાથી વિવિધ વિમાનોની ત્રાટકવાની ક્ષમતા કરતા વધુ અંતર સુધી ટાર્ગેટ ઉપર હુમલા કરી શકાશે.

ભારતમાં ડીઆરડીઓ ૧૦૦ કિલોગ્રામ, ૨૫૦ કિલોગ્રામ, ૫૦૦ કિલોગ્રામ સહિત અનેક વજનના બોંબ હાલમાં છે. આ બોંબની દુર સુધી



વિધ્વંશ કરવાની ક્ષમતાને વધારવાનું કામ ચાલી રહ્યું છે. ડીઆરડીઓના અધિકારી વી કે સારસ્વતે કહ્યું છે કે, અમે ગ્લાઈડ બોંબનું વિકાસ કરી રહ્યાં છીએ. આ ગ્લાઈડ વિમાનને વાયુ સેનાના વિમાનથી પાડીને નિર્દેશીત કરવાની ક્ષમતાને વધારવામાં આવશે. આના પ્રયોગ કરીને ઈચ્છીત લક્ષ્ય ઉપર આ બોંબને ઝીંકી શકાશે. આ પ્રકારની ક્ષમતા મેળવીને હવાઈદળના પાયલોટ ખૂબ જ મુશ્કેલ ગણાતા લક્ષ્યને પાર પાડવા બોંબ ઝીંકી શકશે અને બોંબની વિધ્વંશક ક્ષમતાની હદ વધારવામાં મદદ મળશે. ડીઆરડીઓ આ પ્રકારના બોંબના બે પરીક્ષણ અગાઉ કરી ચુકી છે. અને આ વર્ષે વધુ પરીક્ષણ કરવામાં આવે તેવી શક્યતા છે. સારસ્વતે કહ્યું હતું કે, અમે આ વર્ષના અંત સુધી ગ્લાઈડેડ બોંબના તમામ પરીક્ષણો પુરા કરવાની ઈચ્છા ધરાવીએ છીએ. ત્યારબાદ આને વાયુ સેનામાં શામિલ કરવામાં આવશે. દુશ્મનની ચેતાવણીની વ્યવસ્થાને નષ્ટ કરવામાં પણ આ વ્યવસ્થા ઉપયોગી રહેશે. અગ્નિ-૫ મિસાઈલની ૫ હજાર કિલોમીટરની રેંજ સુધી ત્રાટકવાની ક્ષમતાના સફળ પરીક્ષણને પોતાના ગાળાની એક મોટી સફળતા તરીકે ગણાવીને ડીઆરડીઓના પ્રમુખે કહ્યું છે કે, મિસાઈલના વધુ પ્રભાવિત એડીશન માટે પણ કામ કરવામાં આવી રહ્યું છે.

## અલકનંદાથી ગંગા ઉદ્ગમ સુધી...

(પાના નં. ૨ નું અનુ.)

જ જળ-સવારીનો પડકાર ઝીલવાનો અવસર રહે છે. છેલ્લે, છઠ્ઠા ક્રમે રૅપિડને સ્યૂસાઈડલ કહે છે. બારે મેઘ ખાંગા થયા હોય, અને નદી બે કાંઠે ગાંડીતૂર થઈને વહેતી હોય, તેવા ધસમસતા નદીના પૂર-પ્રવાહનો રૅપિડ આ સ્યૂસાઈડલ ક્રમમાં ગણાય છે.

સાઠ-સિત્તેર ફૂટની ઊંચાઈએ મસમોટા લોખંડી દોરડાના બનાવેલા ઝુલતા કેબલ/સસ્પેન્શન પૂલ પરથી રસ્સી સાથે સડસડાટ લટકીને દસ-વીસ ફુટ પાણી ઉપરથી નદીના ઍસી-કૂલ ઠંડા પાણીમાં અચાનક ખાબક્યા પછી દુર્ગમ પહાડ પર ચઢીને મળેલા વિજય જેવો આનંદ મળે છે. અલબત્ત, આ પૂલની ઊંચાઈ પરથી નીચે નદીમાં અવતર કરતા ટૂટઅગાઉ હામ ભીડવા માટે આપવામાં આવતી તાલીમમાંથી ઑક્સિજન મળી રહે છે. આ સાહસપૂર્ણ ઍક્ટિવિટી સ્લિધરિંગ તરીકે ઓળખાય છે. આમ પાણીમાં બૂડ્યા પછી ડરની આગળ જીત છે, તેનો શબ્દાર્થ વગર કહે જ સૌની સમજમાં આવી જાય છે...

આ કૅમ્પમાં હાથ ધરાતી તમામ ઍક્ટિવિટીમાં જોખમ સામે સલામતી એકસો ટકા હોય છે. દેશની પર્વતારોહણ સંબંધિત સંસ્થા -એનઆઈએમ નહેરૂ ઈન્સ્ટિટ્યૂટ ઑફ માઉન્ટિનિયરિંગમાંથી તાલીમ મેળવેલ સ્થાનિક રાજ્યના કુશળ નિષ્ણાતોની સીધી દેખરેખ હેઠળ તમામ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. તેઓએ હાંસલ કરેલ મલ્ટી ટાસ્કિંગની કુશળતા તેઓ પરત્વે સન્માનનું વિશેષ કારણ બની રહે છે.

આ નદીના નીરમાં એકલદોકલ પગની પાની પણ પલાળવાની સખ્ત મનાઈ હોય છે. પાણી સાથે સંકળાયેલ તમામ ઍક્ટિવિટી માટે દરેક વ્યક્તિએ તેમજ ઈન્સ્ટ્રક્ટરે પણ લાઈફજૅકેટ અને હેલ્મેટ ફરજિયાત પહેરવાના હોય છે. આ લાઈફજૅકેટ પહેરેલી એકસો કિલોથી વધુ વજન ધરાવતી વ્યક્તિને પણ ચોવીસ કલાક સુધી પાણીમાં તરતા રાખવા સક્ષમ હોય છે. પગમાં ફ્લોટર્સ કે શૂઝ, માથે કૅપ, નીચે શૉટર્સ કે લોવર ટ્રેકશૂટ પહેરવું જરૂરી છે. ચશ્મા હોય તો દોરીથી બાંધવા આવશ્યક છે.

નદી, સરોવર કે સમૂદ્રના અજાણ્યા પાણી માટે સ્વિમિંગપૂલમાં તરવાની આવડત પર સામાન્યતઃ ભરોસો ન રાખવાની સૂચના ઈન્સ્ટ્રક્ટર વારંવાર આપતા રહે છે.

ક્યાકિંગમાં એક વ્યક્તિ બેસી શકે છે. અને તેને ઢીંચણથી લૉક કરીને પૅડલથી ઓળખાતા બે બાજુ હાથવાળા એક હલેસાથી સાયકલની જેમ સમતુલા જાળવીને વૉટરસર્ફિંગ ઍક્ટિવિટી કરવાની હોય છે. આ ઍક્ટિવિટી મોટાભાગે પાણીમાં ગબડી પડાય છે. નિષ્ણાતો આંખના પલકારામાં ત્રણસો સાઠ ડિગ્રી પાણીમાં ડુબવા સહિત ચક્કર પુરું કરીને પાછા મૂળ સ્થિતિમાં આવી જાય છે!

રાફ્ટને સાદી સમજ માટે વાંસ કે લાકડાની ડાળીઓમાંથી પાણીમાં તરતા થોડાઘણા વજનના માલવાહક તરીકેનું સાધન કહે છે. આવા રાફ્ટની ક્ષમતા અને સલામતી પર હમેંશા પ્રશ્નો ઊભા રહે છે. પરંતુ, આધુનિક રાફ્ટ હાઈપોલોન મટિરિયલ્સમાંથી તૈયાર કરવામાં આવે છે. તેમાં આઠ-દસ ઍર ચેમ્બર્સ હોય છે. આ રાફ્ટ બકૅટ બેલિંગ અથવા સૅલ્ફસેઈલિંગ પ્રકારની હોય છે. આજુબાજુની ટોપટ્યૂબ પર આઠ-દસ વ્યક્તિઓએ બેસીને બ્લેડવાળા પૅડલ-હલેસાથી આગળ પાછળ પાણીમાં તરતું લઈ જવાય છે. તેને ચારે તરફ વર્તુલ જેમ

ગોળાકારે પણ ઘુમાવી શકાય છે! તેની ફરતે જીવાદોરી સમાન લાઈફ-રોપ બાંધેલો રહે છે. આ રાફ્ટ સ્લીપ થઈને પાણીમાં ઊંધો પડી શકે છે, અને તેમાં સવાર થયેલ વ્યક્તિઓ માટે પાણીના વહેણમાં ફેંકાઈ જવાના સંજોગોમાં કેવા પગલાં લેવા તેની પણ તાલીમ આપવામાં આવે છે.

આ રીવરરાફ્ટિંગના પ્રતિકૂળ સંજોગોમાં ભયભીત ન થવું તે મુખ્ય પાઠ છે. અને દરેક અપેક્ષિત સંજોગોમાં કેવા પગલાં લેવા તેની તાલીમ આપવામાં આવે છે. તેમજ આવા સંજોગાનો મહાવરા મુજબ સામનો કરી સફળ કામગીરી કરવા માટે મનને એકાગ્ર રાખવું આવશ્યક છે. પ્રારંભિક તાલીમ પછી ઈન્સ્ટ્રક્ટર્સદ્વારા પસંદ કરાયેલ તીસ-પાંત્રીસ વ્યક્તિઓની ટીમને પાંચેક રાફ્ટમાં જયાલગઢ ખાતેથી અલકનંદાનદીમાં પ્રસ્થાન કરાવવામાં આવે છે. રસ્તામાં તીસ ફૂટની ઊંચાઈ પરથી ફરજીયાત ભૂસકો મારીને નદીના પાણીમાં કૂદી પડવાનું હોય છે. આ ટીમમાં દરેક બેચમાં પસંદ થયેલ દસ વર્ષથી ઉપરની વયના કિશોર, યુવા અને વયસ્કોનો તરવરાટ સાથે મુખારવિંદ પર ફેલાતા આનંદની લહેરો સહજપણે નીરખી શકાય છે. આશરે બારેક કિલોમીટર સુધી જુદાજુદા રૅપિડમાંથી પસાર થઈને રાફ્ટિંગ કરવાનો લાભ સાચે જ સમણાં જેવો છે. આ રાફ્ટિંગનો આખરી તબક્કો ઘણો રોમાંચક રહે છે. દેવપ્રયાગ ખાતે ઊછળતી-કૂદતી જળરવ ફેલાવતી ભાગીરથીનદીને અલકનંદાનદી મળે છે, ત્યાંથી ગંગાનદી તરીકે ઓળખાતા સંગમના નીરમાં પ્રવેશ કરે છે, ત્યારે પ્રત્યેક વ્યક્તિનો ચહેરો પ્રસંન્નતાથી ખીલી ઊઠે છે. આ સંગમ સ્થળે ચંચળ ભાગીરથીનદી અલગનંદાનદીના નીર સાથે મીલન પશ્ચાત ઉપરથી શાંત બનતી ભાસે છે. બે નદીઓના આ અદ્ભૂત સંગમ સ્થળને પણ પાર કરીને આશરે બસો-ત્રણસો મીટર દૂર આવેલ દેવપ્રયાગના ગંગાનદીના ઉદ્ભવ સ્થળ, શ્રીરામ તપસ્થલીના ઘાટ સુધી આ રિવર-રાફ્ટિંગની જળ-સવારી આવી પહોંચે છે, ત્યારે ગગનભેદી ચીચીયારી સાથે ટીમની દરેક વ્યક્તિ માટે જીવનમાં કેટલાંક અવિસ્મરણીય યાદોનું અનુભવ ભાથું સ્વયંભૂરીતે બંધાય છે.

‘અ કૉલ ઑફ માઉન્ટેન્સ’ તેમજ ‘અ કૉલ ઑફ રિવર્સ’ના કુદરતી સૌદર્યનો લાભ માણવા ઈચ્છૂક સર્વ માટે સફળ આયોજકો, કૂશળ તજજ્ઞો અને ઉત્સાહી વોલન્ટિઅર્સના પરસ્પર સહયોગ થકી અનાલા-અમદાવાદ દ્વારા યોજાતા દિવાળી અને ઉનાળાના વ્હાઈટ વૉટર રાફ્ટિંગનો વૉટર-સ્પોર્ટ્સ બિનવિવાદે માણવા લાયક છે.

### શબ્દ સમીપે

(પાના નં. ૪ નું ચાલુ)

જે અભ્યાસુને ઉપયોગી થઇ શકે તેમ છે. તે ઉપરાંત વેદોમાં પર્યાવરણીય સંબંધ અંગે નવ જેટલાં સ્કેચ, પરિશિષ્ટ-૧માં આપેલા છે. તે જ રીતે પરિશિષ્ટ-૨માં નક્ષત્રોના આરાધ્ય વૃક્ષો, પરિશિષ્ટ-૩માં પ્રાચીન ભારતીય શિલ્પો, મુનિઓ અને ચિત્રોમાં પર્યાવરણ સંરક્ષણની પરંપરાને લગતાં ચિત્રો, પરિશિષ્ટ-૪માં ટપાલ ટિકીટોમાં પ્રકૃતિ દર્શન અને પરિશિષ્ટ-૫માં પર્યાવરણીય કેલેન્ડર આપીને લેખકે પર્યાવરણ અંગે અભ્યાસપૂર્ણ ગ્રંથ પૂર્ણ કર્યો છે.

“પર્યાવરણ અંગેના વૈશ્વિક વિચારો અને ભારતીય પરંપરા” પુસ્તકના લેખક ડો. રાકેશ આર. પટેલ ગાંધીનગરની પી.કે. ચૌધરી મહિલા આટ્ર્સ કોલેજમાં અધ્યાપન કાર્ય કરે છે. તેમનાં પ્રકાશિત ગ્રંથોમાં ભારતીય દર્શન પરિચય અને ભારતીય દર્શનમાં પર્યાવરણ મુખ્ય છે. તે સિવાય ‘સંનિધિ’ પુસ્તક પ્રગટ થનાર છે. ગાંધીનગર જિલ્લાનો રેન્ડ એન્ડ બોલ્ડ એવોર્ડથી સન્માનિત લેખકે પર્યાવરણ અંગે અભ્યાસપૂર્ણ ગ્રંથ આપ્યો છે. જે વિદ્યાર્થીઓ અને અભ્યાસુઓ માટે ઉપયોગી નીવડે તેવી સંભાવના છે. લેખકને અભિનંદન.

**પર્યાવરણ અંગેના વૈશ્વિક વિચારો અને ભારતીય પરંપરા**
**લેખક : ડો. રાકેશ આર. પટેલ**
**પ્રકાશક : અરવલ્લી પ્રકાશન**
**હિન્દુ પીઠમ્, પોસ્ટ બોક્સ નં. ૧૧, હિંમતનગર**
**કિંમત : રૂા. ૨૦૦/-, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૨**

## સમાચાર ઝલક

- **તાઇવાનમાં ૬ પોઇન્ટની તીવ્રતાનો ભુકંપ.**
- **અરૂણ જેટલી, રાજીવ શુક્લા, બીસીસીઆઇની કારોબારી મિટીંગમાં હાજર ન રહ્યા.**
- **કપડવંજમાં કોર્ટ કમ્પાઉન્ડમાં હીટ એન્ડ રનનો બનાવ, ૩ વ્યક્તિઓ ઘાયલ.**
- **સફાઇ કામદારોનાં ૮૮ દિવસથી પ્રતિક હડતાળ, નડિયાદ નગરપાલિકાએ મૌન સેવ્યું, પરિસ્થિતિ યથાવત્.**
- **દિલ્હીમાં બળાત્કાર કરનાર ઝડપાયો.**
- **અમેરિકામાં ઓકલાહોમામાં ભયંકર વાવાઝોડાથી ભારે નુકશાન.**
- **થાણેની બારમાં ૬૨ યુવતી સહિત ૧૦૦ વ્યક્તિઓની ધરપકડ.**
- **ધાનેરામાં બાળકનાં અપહરણ કેસમાં પોલીસ હજુ અંધારામાં, કોઇ સગડ મળતા નથી.**
- **દિલ્હીનાં મુખ્ય પ્રધાન સામે અરવિંદ કેજરીવાલ ચૂંટણી લડશે.**
- **પેટાચૂંટણીમાં રિબાડા ગામે મતદાનનો બહિષ્કાર.**
- **જૂનાગઢના ઉના નજીક દરિયામાં બોટ જળસમાધિમાં ડુબી ગઇ.**
- **મણીનગરમાં ચેઇન તોડનાર આરોપી દવાખાનામાંથી પોલીસ ઝાપતામાંથી ફરાર.**
- **પાકિસ્તાનમાં ૨૩ આતંકવાદીઓને ઠાર મરાયા.**
- **છોટા ઉદેપુરમાં વરસાદનાં અમી છાંટણા.**
- **અન્ના હજારેએ કેન્દ્રને અનશન કરવાની ધમકી ભર્યો પત્ર પાઠવ્યો.**
- **ઇકબાલ ગઢ માર્કેટ યાર્ડમાં ૩ પેઢીઓનાં તાળા તૂટ્યાં.**
- **ફિકસીંગ કાંડનાં આરોપી ક્રિકેટર અમિત ચૌહાણનાં લગ્ન થયા, હાલ તે જામીન પર છૂટેલ છે.**
- **૪૮ કલાકમાં દરિયા કિનારે હવામાન બદલાશે.**
- **કાશ્મીર સરહદે પાકિસ્તાની ઘૂષણખોરીનો પ્રયાસ.**
- **પાંચ રાજયોમાં લઘુમતીઓ માટે યુનિવર્સિટી સ્થપાશે.**